**Enrollment No: ______________________ Exam Seat No:______________________**

# C.U.SHAH UNIVERSITY

## Summer Examination-2022

**Subject Name: Company Accounts - I**
**Subject Code: 4CO03COA1 Branch: B.Com (Gujarati)**
**Semester: 3 Date: 27/04/2022 Time: 02:30 To 05:30 Marks: 70**

Instructions:
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1 Attempt the following questions: (14)**

**a)** 'અ' લિમિટેડે રૂ. ૧,૦૦,૦૦૦ ની કિંમતના રિડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરવા માટે રૂ. ૧૦ નો એક એવા ૩૦૦૦ ઈક્વિટી શેર ૧૦ % વટાવથી બહાર પાડયા. મૂડી પરત અનામત ખાતે ફેરવવાની રકમ થશે- 1

(અ) ૭૦,૦૦૦ (બ) ૭૩,૦૦૦

(ક) ૨૭,૦૦૦ (ડ) ૬૭,૦૦૦

**b)** જો પ્રેફરન્સ શેરોને પ્રીમિયમે પરત કરવામાં આવે તો આ પ્રીમિયમની રકમની જોગવાઈ- 1

(અ) જામીનગીરી પ્રીમિયમ ખાતામાંથી (બ) નવા બહાર પાડેલા શેરોની રકમમાંથી

(ક) શેર જપ્તી ખાતામાંથી (ડ) રોકાણો ના વેચાણ પર નફામાંથી

**c)** બેંક ઓવરડ્રાફ્ટ કંપનીના પાકા સરવૈયામાં નીચેના મથાળા હેઠળ દર્શાવાશે 1

(અ) તારણવાળી લોન (બ) ચાલુદેવાં અને જોગવાઈઓ

(ક) તારણવગરની લોન (ડ) શેર જપ્તી ખાતામાંથી બાદ

**d)** 'અનામત મૂડી' એ....................... 1

(અ) નહીં બહાર પાડેલી મૂડી છે.

(બ) એક પ્રકારનું અનામત ભંડોળ છે.

(ક) નહીં મંગાવેલી મૂડી છે.

(ડ) એક પણ નહી.

**e)** ભારતીય હિસાબી ધોરણ નં- ૧૧ નું શીર્ષક .................. છે. 1

(અ) સરકારી હિસાબો (બ) સરકારી મિલકતોના હિસાબો

(ક) વિદેશી શાખાના હિસાબો (ડ) રોકાણો અંગેના હિસાબો

**f)** જામીનગીરી પ્રીમીયમ ખાતું પાકા સરવૈયામાં _______________ મથાળા હેઠળ દર્શાવાશે. 1

(અ) શેરમૂડી (બ) અનામત અને વધારો

(ક) ચાલુ જવાબદારીઓ અને જોગવાય (ડ) તારણ વગરની લોન

**g)** ડિવિડન્ડ સામાન્ય રીતે ___________ શેરમૂડી પર ચૂકવામાં આવે છે. 1

(અ) સત્તાવાર (બ) બહાર પાડેલ (ક) વસુલ આવેલ (ડ) અનામત

**h)** કંપનીધારાની કલમ ૫૫ મુજબ પ્રેફરન્સ શેર પરત થઈ શકે નહિ – 1

(અ) ડિબેન્ચર બહાર પાડી મેળવેલી રકમમાંથી
(બ) પ્રેફરન્સ શેર બહાર પાડી મેળવેલી રકમમાંથી
(ક) ઈક્વિટી શેર બહાર પાડી મેળવેલી રકમમાંથી
(ડ) ઉપરનામાંથી કોઈ પણમાંથી

**i)** કયા પ્રકારના પ્રેફરન્સ શેરનાં નાણાં પરત કરી શકાય ? 1

(અ) કન્વર્ટિબલ પ્રેફરન્સ શૈર
(બ) પૂર્ણ ભરપાઈ રિડીમેબલ પ્રેફરન્સ શેર
(ક) અંશતઃ ભરપાઈ રિડીમેબલ પ્રેફરન્સ શેર
(ડ) ઉપરનામાંથી કોઈપણ નહીં

**j)** કંપનીના ૨,00,000 શેર દરેક રૂ. ૧૦નો રૂ. ૮ લેખે ભરપાઈ હોય અને તે વાર્ષિક ૧0% ના દરે વચગાળાનું ડિવિડન્ડ ચૂકવે તો ડિવિડન્ડની રકમ – 1

(અ) રૂ. ૮૦,000 (બ) રૂ. ૧,૬૦,૦૦૦ (ક) રૂ. ૨,૦૦,૦૦૦ (ડ) કોઈ પણમાંથી

**k)** કોર્પોરેટ ડિવિડન્ડ ટેક્સ 1

(અ) સૂચિત ડિવિડન્ડ પર ગણવામાં આવે છે.
(બ) કરવેરા પછીના નફા પર ગણવામાં આવે છે.
(ક) આવકવેરાની જોગવાઈ પર ગણવામાં આવે છે
(ડ) ધંધાકીય પ્રવૃત્તિમાંથી થતી આવક પર ગણવામાં આવે છે .

**l)** શેર બાંયધરી કમિશન ખાતું બંધ કરીને તેની બાકી કયા ખાતે લઈ જવાશે? 1

(અ) શેર – ડિબેંચર ખાતે (બ) બેંક ખાતે (ક) બાંયધરી દલાલો ખાતે (ડ) નફા – નુકસાન ખાતે

**m)** શેર બાંયધરી આપનારાઓ કંપનીના દ્રષ્ટીકોણથી શું ગણાય? 1

(અ) ત્રાહિત પક્ષકારો (બ) પ્રમોટર્સ
(ક) અંકુશ રાખનારાઓ (ડ) ઉપરનામાંથી એક પણ નહિં

**n)** રૂ. 50નો એક એવા ડિબેન્ચર પર વધુમાં વધુ મંજૂર થવા પાત્ર બાંયધરી કમિશન – 1

(અ) રૂ. ૪ (બ) રૂ. ૨.૫૦ (ક) રૂ. ૧.૨૫ (ડ) રૂ. ૫

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

**a.** મૂડી ઘટાડાના કારણો જણાવી, મૂડી ઘટાડાની પધ્ધિતઓ જણાવો. **7**

**b.** મૂડી ઘટાડા ખાતાંનો નમૂનો કાલ્પનિક આંકડાઓ સાથે આપો. **7**

**Q-3** **Attempt all questions** **(14)**

**a.** X કંપની લિ. નું તા. 31-3-2016 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે: **7**

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| ૪૦,૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ. ૧૦નો | ૪,૦૦,૦૦૦ | સ્થિર મિલકતો | ૬,૦૦,૦૦૦ |
| મૂડી પરત અનામત | ૭૫,૦૦૦ | ચાલુ મિલકતો | ૩,૪૦,૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૭૫,૦૦૦ | | |
| વિકાસ વળતર અનામત | ૧,૧૫,૦૦૦ | | |
| રોકાણ અનામત | ૧,૨૫,૦૦૦ | | |
| સામાન્ય અનામત | ૧,૫૦,૦૦૦ | | |
| | ૯,૪૦,૦૦૦ | | ૯,૪૦,૦૦૦ |

કંપનીએ પોતાના શેરહોલ્ડરોને બે શેરદીઠ એક શેર બોનસ શેર આપવાનું ઠરાવ્યું આ માટે જરૂરી કાયદાકીય જોગવાઈઓ પૂર્ણ કરવામાં આવી. X લી. ના ચોપડે જરૂરી આમનોંધ આપો અને પાકું સરવૈયું બનાવો.

**b.** રીડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરવા અંગે કંપનીધારા 2013ની જોગવાઈઓ જણાવો. **7**

**Q-4** **(14)**

તા. ૩૧-૦૩-૨૦૧૫ના રોજનું શક્તિ લિ.નું કાચું સરવૈયું નીચે મુજબ છે:

| ઉધાર બાકી | રૂ. | જમા બાકી | રૂ. |
|---|---|---|---|
| ચૂકવેલ ડિબેન્ચર વ્યાજ | ૧૫,૦૦૦ | શેરમૂડી | ૧૦,૦૦,૦૦૦ |
| બાકી હપતા | ૫૦,૦૦૦ | સામાન્ય અનામત | ૬૦,૦૦૦ |
| ખરીદી | ૫,૦૦,૦૦૦ | ડિબેન્ચર પરત અનામત | ૪૦,૦૦૦ |
| શરૂનો સ્ટોક | ૮૦,૦૦૦ | ૧૦% ડિબેન્ચર | ૨,૦૦,૦૦૦ |
| દેવાદારો | ૨,૦૦,૦૦૦ | જાહેર થાપણો | ૮૦,૦૦૦ |
| ટેલિફોન ડિપોઝિટ | ૩૦,૦૦૦ | ખરીદ પરત | ૨૦,૦૦૦ |
| ૧૦%ની સરકારી લોન | ૧,૦૦,૦૦૦ | વેચાણ | ૧૨,૦૦,૦૦૦ |
| જમીન મકાન | ૧૪,૦૦,૦૦૦ | વેપારી લેણદારો | ૩૦,૦૦૦ |
| યંત્રો | ૨,૩૦,૦૦૦ | નહિં મંગાવેલ ડિવિડન્ડ | ૧૦,૦૦૦ |
| વેચાણ પરત | ૨૫,૦૦૦ | ઘાલખાધ અનામત | ૧૮,૦૦૦ |
| કર્મચારીઓનો પગાર | ૫૦,૦૦૦ | ન.નુ. ખાતું(૧-૧-'૧૪) | ૪૨,૦૦૦ |
| ઓફિસ ખર્ચ | ૨૦,૦૦૦ | | |
| | ૨૭,૦૦,૦૦૦ | | ૨૭,૦૦,૦૦૦ |

વધારાની માહિતી : ૧. આખરસ્ટોક રૂ. ૪૦,૦૦૦

૨. દેવાદારો પર ૧૦% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

૩. જમીન મકાન પર ૫%, યંત્રો પર ૧૦% ઘસારો ગણો.

૪. નફાના ૫૦% લેખે કરવેરાની જોગવાઇ કરો.

૫. શેરમૂડી પર ૧૦% લેખે ડિવિડન્ડની જોગવાઇ કરો.

૬. સૂચિત ડિવિડન્ડ પર ૨૦% લેખે CDTની જોગવાઇ કરો, જેમાં શિક્ષણ વેરો અને સરચાર્જનો પણ સમાવેશ થયેલ છે.

૨૦૧૩ના કંપનીધારાની જોગવાઇઓ પ્રમાણે પરિશિષ્ટ – 3 મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**Q-5** **(14)**

અ કંપની લિ. નું તા. 31-3-2016 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે:

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| ૭૫,૦૦૦ ઇક્વિટી શેર દરેક રૂ. ૧૦નો | ૭,૫૦,૦૦૦ | સ્થિર મિલકતો | ૧૩,૩૫,૦૦૦ |
| ૩૭૫૦,૧૨%ના રિડીમેબલ પ્રેફરન્સ શેર દરેક રૂ. ૧૦૦ શેરદીઠ રૂ, ૮૦ ભરાયેલા | ૩,૦૦,૦૦૦ | રોકાણો | ૧,૧૨,૫૦૦ |
| સામાન્ય અનામત | ૫,૭૦,૦૦૦ | સ્ટોક | ૧,૨૪,૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૧૨,૫૦૦ | દેવાદારો | ૨,૧૬,૦૦૦ |
| નફાનુકસાન ખાતું | ૩૦,૦૦૦ | બેંક સિલક | ૬૨,૫૦૦ |
| લેણદારો | ૧,૮૭,૫૦૦ | | |
| | ૧૮,૫૦,૦૦૦ | | ૧૮,૫૦,૦૦૦ |

કંપનીધારાની જોગવાઇઓનું પાલન કર્યા બાદ રિડી. પ્રેફરન્સ શેર ૫% પ્રીમિયમે પરત કરવાના છે. નવી બેંક સિલક રૂ. ૭૫ ,૦૦૦ રાખવાની છે. બધા રોકાણો રૂ.૧ ,૦૬,૨૫૦ માં વેચવામાં આવ્યાં . કંપનીએ જરૂરી સંખ્યામાં દરેક રૂ. ૧૦નો એક એવા ઇક્વિટી શેર ૧૦% ના વટાવે બહાર પાડવાનું સ્વીકાર્યું. બધાજ શેર પૂરા ભરપાઇ થઇ ગયા.

અ કંપની લિ.ના ચોપડે આમનોંધ લખો.

**Q-6** **Attempt all questions** **(14)**

**a.** શેર વેચાણની બાંયધરીના ફાયદા જણાવી,બાંયધરી કરારના પ્રકારો જણાવો. **7**

**b.** બ લિમિટેડે રૂ. ૧૦નો એક એવા ૫ ,૦૦,૦૦૦ શેર ૫૦% પ્રીમિયમે બહાર પાડ્યા. જે અંગે દલાલોએ નીચે મુજબ બાયંધરી આપી છે. **7**

W:૩૦%, X: ૩૦%, Y: ૨૦%, Z: ૨૦%

તે ઉપરાંત ત્રણેએ નીચે મુજબ નિશ્ચિત બાંયધરી આપી છે:

W: ૧૫,૦૦૦ શેર, X: ૧૦,૦૦૦, શેર Y: ૨૦,૦૦૦ શેર, Z: ૫,૦૦૦ શેર.

કંપનીને નિશ્ચિત બાંયધરી સિવાય, પરંતુ સિક્કાવાળી અરજીઓ સહિત કુલ ૪ ,૦૦,૦૦૦ શેર માટે અરજી મળી, જેમાં સિક્કાવાળી અરજીઓ નીચે મુજબ હતી :

W: ૭૦,૦૦૦ શેર, X: ૧,૩૦,૦૦૦ શેર, Y: ૬૦,૦૦૦ શેર, Z: ૪૦,૦૦૦શેર. બાંયધરી દલાલોને ૫% બાંયધરી કમિશન આપવાનું છે. જો દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળે તો દરેક બાંયધરી દલાલની જવાબદારી નક્કી કરો.

**Q-7** **Attempt all questions** **(14)**

**a.** મૂડી ઘટાડા અંગે કંપનીધારાની જોગવાઈઓ જણાવો. **7**

**b.** હિસાબી ધોરણ નં- ૧૧ અંગે પ્રગટીકરણની જોગવાઈ સમજાવો. **7**

**Q-8** **Attempt all questions** **(14)**

**a.** મહેશ એર સર્વિસ લિ.ના નફા નુકસાન ખાતે પુરતી જમા બાકી હોવાથી નીચે મુજબ નક્કી કરવામાં આવ્યું. **7**

**(1)** રૂ. ૧૦ નો એક એવા ૬%ના ૧૬,૦૦૦ રીડીમેબલ પ્રેફરન્સ શેર, શેરદીઠ રૂ. ૧ના પ્રીમિયમથી પરત કરવા.

**(2)** આમ કરવાને પરિણામે ઉદ્ભવતું અનામત ફંડ કંપનીના નહિ વહેચાયેલા ઓર્ડીનરી શેર દરેક રૂ. ૧૦નો એવા પુરેપુરા ભરપાઈ થયેલા તરીકે શેરહોલ્ડરોને બોનસ તરીકે આપવા.

શેર પરત અને શેર બહાર પાડવા અંગેની જરૂરી આમનોંધ લાખો.

**b.** કંપનીધારા 2013 પરિશિષ્ટ – 3 મુજબ પાકાં સરવૈયાંનો અને નફા – નુકસાન પત્રકનો નમૂનો આપો. **7**